# સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રિસર્ચ

## <u>શોધ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ માટે</u>
## <u>આનુષંગિક ખર્ચ (કન્ટીજન્સી) અંગેની સૂચનાઓ</u>

શિક્ષણ વિભાગનો તા.૦૫-૦૮-૨૦૧૯ ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા શોધ (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવની કલમ ૩માં જણાવ્યા અનુસાર અન્ય આનુષંગિક ખર્ચ પેટે મળવા પાત્ર વાર્ષિક રકમ રૂ.૨૦,૦૦૦=૦૦માંથી વિદ્યાર્થીઓ પુસ્તકોની ખરીદી, નાના ઈક્વિપમેન્ટની ખરીદી, ટ્રાન્સપોર્ટેશન, ટાઈપીંગ ખર્ચ વગેરે માટે કરી શકશે. આ માટે વિદ્યાર્થીએ કરેલ ખરેખર ખર્ચના બીલ પીએચ.ડી. ગાઈડ અને નોડલ ઓફિસર દ્વારા પ્રમાણિત કર્યા બાદ પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. કેસીજી દ્વારા પ્રમાણિત બિલોની ચકાસણી અને મંજૂરી બાદ ખરેખર ખર્ચની રકમ વાર્ષિક રૂ. ૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં ચુકવણું કરવામાં આવશે.

શોધ યોજના વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ હેઠળ સ્ક્રુટીની સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ અને હાલમાં યોજનાનો લાભ લઇ રહેલ વિદ્યાર્થીઓએ કન્ટીજન્સી ખર્ચના બીલ શોધ પોર્ટલ પર <u>**તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૩૦/૦૮/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અપલોડ**</u> કરવાના રહેશે. સંબંધિત યુનિવર્સિટીના નોડલ ઓફિસરશ્રીએ વિદ્યાર્થીઓ દ્વારા અપલોડ કરેલ ખર્ચના બિલનું <u>**વેરીફીકેશન તા.૧૫/૦૯/૨૦૨૫ સુધીમાં**</u> કરવાનું રહેશે.

### <u>વિદ્યાર્થીઓએ આનુષંગિક ખર્ચ (કન્ટીજન્સી) અન્વયે નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.</u>

1. આનુષંગિક ખર્ચ પેટે મળવા પાત્ર વાર્ષિક રકમ રૂ. ૨૦,૦૦૦માંથી વિદ્યાર્થીઓ પુસ્તકોની ખરીદી, નાના ઈક્વિપમેન્ટની ખરીદી, ટ્રાન્સપોર્ટેશન, ટાઈપીંગ, રીસર્ચ મટિરિયલ ખર્ચ વગેરે માટે કરી શકશે. જરૂર પડે તો વિદ્યાર્થી તેને મળેલ સ્ટાઇપેંડને જોડીને ખર્ચ કરી શકે પરંતુ સ્ટાઇપેંડની રકમ વધશે નહીં.
2. સૌપ્રથમ SHODH પોર્ટલ પરથી કન્ટીજન્સી ફોર્મનું ફોરમેટ ડાઉનલોડ કરી તેમાં આપેલ વિગતો ચોકસાઈથી ભરવી. આ માટે વિદ્યાર્થીઓએ કરેલ ખરેખર ખર્ચના બીલ પીએચ.ડી. ગાઈડ અને નોડલ ઓફિસર દ્વારા પ્રમાણિત કર્યા બાદ પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાના રેહશે. દરેક બીલ પર ગાઈડની સહી અચૂક હોવી જરૂરી છે.
3. વિદ્યાર્થીઓએ **GST નંબર દર્શાવતું અથવા પાકું બીલ જ રજૂ** કરવાનું રેહશે. અન્ય પ્રકારના બીલોમાં ખર્ચનો પ્રકાર, તેની વિગતો, રકમ વગેરે સ્પષ્ટ કરી ગાઈડ,નોડલ ઓફિસરની સહી સાથે અને પોતાની સહી કરી રજૂ કરવા.

4. પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ માટે કોલેજ અને યુનિવર્સિટીએ પોતાના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે લેબમાં ઉપલબ્ધ ઉપકરણો/રસાયણો અને અન્ય વસ્તુઓ પ્રદાન કરવી આવશ્યક છે. પરંતુ જો તે કોલેજ/યુનિવર્સિટીની લેબમાં ઉપલબ્ધ ન હોય તો વિદ્યાર્થીઓ ગાઈડ અને યુનિવર્સિટી નોડલ અધિકારીની મંજૂરી પછી રૂ. ૨૦,૦૦૦=૦૦ની ખર્ચ મર્યાદામાં સાધનો ખરીદી શકે છે.
5. **ફક્ત ફેલોશીપના સમયગાળા દરમિયાન થયેલ ખર્ચના બીલ જ માન્ય ગણવામાં આવશે.** જે બાબત ખાસ ધ્યાને લેવી.
6. ટ્રાન્સપોર્ટેશન/ટ્રાવેલિંગ ખર્ચ **ફક્ત ફિલ્ડવર્ક** માટે જ આપવામાં આવશે.
7. મટિરિયલ કેરેક્ટરાઈઝેશન એનાલીસીસ અને ડેટા એનાલીસીસ ખર્ચ રીસીપ્ટ સાથે રજૂ કરી શકશે.
8. વિદ્યાર્થી ઓનલાઇન માધ્યમો દ્વારા પણ સાધન સામગ્રી/ઉપકરણોની ખરીદી કરી શકે છે. જેના બીલ જમા કરવવાના રહેશે.
9. વિદ્યાર્થીઓ રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં કોમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર વેગેરે જેવા સાધનો તથા સોફ્ટવેર અને અન્ય એસેસરીઝની ખરીદી શકે છે. જો આ સાધનો રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદા કરતા વધુ હશે તો ઉપરનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતાને મળેલ સ્ટાઇપેંડમાંથી જાતે કરવાનો રેહશે. આવા સંજોગોમાં કોમ્પ્યુટર/લેપટોપ વિદ્યાર્થીની માલિકીનું રહેશે.
10. રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાના વેબીનાર/કોન્ફરન્સ, વર્કશોપ, ટ્રેનીંગ, વેગેરેની રજીસ્ટ્રેશન ફી રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં રીસીપ્ટ સાથે રજૂ કરી શકે છે.
11. વિદ્યાર્થી રીસર્ચ કાર્યના અંતે થીસીસના પ્રિન્ટીંગ, ટાઈપીંગ કે કોમ્પ્યુટેશન અથવા અન્ય જરૂરી ખર્ચ પણ રૂ.૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં પાકા બીલ સાથે રજૂ કરી શકે છે.
12. લાયબ્રેરી મેમ્બરશિપ, જર્નલ સબસ્ક્રિપ્શન, રીસર્ચ પેપર પબ્લીકેશન ખર્ચ ગાઈડ/નોડલ ઓફિસરની પૂર્વ મંજૂરીથી મળવાપાત્ર રહેશે.
13. કન્ટીજન્સી ફોર્મમાં નોડલ ઓફિસર દ્વારા વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- માંથી **"કુલ મંજૂર થયેલ રકમ" (sanction amount)** ફરજીયાત લખાવવાની રેહશે, જો કન્ટીજન્સી ફોર્મ અને વેરીફીકેશન કરતાં સમયે પોર્ટલમાં **"કુલ મંજૂર થયેલ રકમ" લખેલી નહિ હોય તો ચૂકવણી કરવામાં આવશે નહિ. જે બાબત ખાસ નોંધ લેવી.**
14. **કન્ટીજન્સી ખર્ચની ચૂકવણી વાર્ષિક ધોરણે કરવામાં આવતી હોવાથી તા.૧૫/૦૯/૨૦૨૫ સુધીમાં નોડલ ઓફિસરશ્રીએ વિદ્યાર્થીઓ દ્વારા અપલોડ કરેલ ખર્ચના બિલનું વેરીફીકેશન ફરજીયાત કરવાનું રહેશે. જો ઉક્ત સમયમર્યાદા બાદ જો બિલ્સ અપલોડ કરવામાં આવશે અથવા વેરીફીકેશન થશે તો તે રકમનું ચુકવણું થશે નહિ તે બાબતે કોઇપણ પ્રકારની દલીલ સ્વીકારવામાં આવશે નહિ.**

તા.૨૩/૦૭/૨૦૨૫

મેમ્બર સેક્રેટરી અને ઓ.એસ.ડી.,
શોધ યોજના
કેસીજી, અમદાવાદ